**<u>રે.દિ.મુ નં– ૨/૨૦૧૬ના કામે આંક – ૫ લગત હુકમ</u>**

(૧) આ કામે વાદીએ ડેકલેરેશન અને કાયમી મનાઈ હુકમ માટેનો દાવો કરેલ છે અને આંક – ૫ થી કામ ચલાઉ મનાઈ હુકમની અરજી કરેલ છે અને પેરા –૧૩ માં માંગણી કરેલ છે કે મોજે આંબલીયારા તા.બાયડ સીમના ખાતા નં – ૨૪૬ (જુના ખાતા નં – – ૧૪૬ ) ના સર્વે નં – ૧૨૪૪ ( જુનો સર્વે નં – ૫૪૭ ) ની કુલ ૨–૭૭–૧૬ હે–આરે–ચો.મી પૈકીની પ્રતિવાદી નં – ૧ નાએ તેમના સર્વે નં – ૧૨૩૩ માં ભેળવવા દાવાવાળી ખેતીની જમીનમાં પ્રતિવાદી નં – ૧ નાઓ કે તેમના નોકરો, માણસો, એજન્ટો, એસાઈનીઓ દાવાવાળી જમીનમાં કોઈ વધુ દબાણ કરે કરાવે નહી કે ખોદકામ બાંધકામ કરે કરાવે નહી કે દાવાવાળી ખેતીની જમીનના અમારા કાયદેસરના હકકોને નુકશાન થાય તેવુ કોઈ કૃત્ય કરે કરાવે નહી કે કાયમી ફેરફાર કરે કરાવે નહી તેવો વાદીના લાભમાં અને પ્રતિવાદી નં– ૧ ના વિરુધ્ધ દાવો ચાલતા દરમ્યાનનો મનાઈ હુકમ આપવા માંગણી કરેલ છે.

(૨) ત્યાર બાદ, આ કામે પ્રતિવાદીઓ નોટીસની બજવણી થતાં આ કામના પ્રતિવાદી કોર્ટમાં વકીલ મારફત હાજર થયેલ હતા અને પ્રતિવાદી નં – ૧ તરફે આ કામે આંક – ૧૧ થી દાવા અરજી અને મનાઈ હુકમની અરજીનો જવાબ રજુ કરેલ છે. તથા આ કામે પ્રતિવાદી નં – ૨ નાઓ આ કામે દાવા અરજી કે મનાઈ હુકમની અરજીનો કોઈ જવાબ રજુ કરેલ નથી આ કામે તા.૨૫–૬–૨૦૧૯ ના રોજ પ્રતિવાદીનો જવાબનો હકબંધ કરવામાં આવેલ છે. આ કામે પ્રતિવાદી નં – ૧ ના જવાબમાં મહત્વની હકીકત એવી છે કે વાદીઓની જમીનમાં પ્રતિવાદીએ દબાણ કરેલાનુ ઉપજાવી કાઢેલ છે. વાદીએ ૦–૩૮–૩૨ દબાણ ખોટુ જણાવેલ છે. વાદીએ પ્રતીવાદીની ૦–૩૮–૩૨ ક્ષેત્રફળ વાળી જમીન પડાવી લેવા માટે ખોટો મનસુબા આંતરેલ છે. પ્રતિવાદી સ.નં– ૧૨૩૩ વાળી જમીન ની ઉતરે વાદીના સ.નં– ૧૨૪૪ વાળી જમીનની શેઢા થી રક્ષિત છે. દક્ષિણ તરફે પુર્વ થી પશ્ચીમ તરફ સળંગ શેઢો અને માટીનો પાળો આવેલ છે અને ૯ જેટલા અરડુસાના ઝાડ અને લીમડાના ઝાડ પુર્વ પ્રશ્ચીમમાં આવેલા છે.પ્રતિવાદીની જમીન ત્રણ થી ચાર ફુટ નીચાણવાળો ભાગ છે. અને વાદી અને પ્રતિવાદીની જમીન એક સાથે સમતળ જમીન નથી.આવા સંજોગોમાં પ્રતિવાદી વાદીની જમીનનામાં સ્થળ સ્થિતી જોતાં દબાણ કરવા અને ખેતી કરવા જઈ શકે તેવો સંજોગો જ નથી આથી વાદીનુ દબાણ અંગે માનાવનુ કોઈ કથન રહેતુ નથી. પ્રતિવાદીના પુર્વે પરષોતભાઈનુ ખેતર આવેલ છે અને તેમની જમીનમાં જવા આવવા રસ્તો

પ્રતિવાદીના અંદરના ભાગે થી છે અને હાલમાં પણ આ રસ્તો ચાલુ છે આથી જો દબાણ કરેલ હોય તો પરષોતમભાઈનો હક નષ્ટ થઈ ગયેલ પરતુ આવુ સ્થળ ઉપર બનેલ નથી.વાદીએ દબાણની માપણી કરેલાની પ્રતિવાદીને જાણ નથી. તથા સને – ૨૦૦૯ ની સાલમાં દબાણ કરેલ છે માટે વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડતો નથી. આમ વાદીએ કોઈ પણ કારણસર ખોટી હકીકતો જણાવી દાવો કરેલ હોય વાદીની દાવા અરજી તથા મનાઈ હુકમની અરજી ના મંજુર કરવા જણાવે છે.

(૩) આ કામે વાદી તરફે આંક – ૩૨ થી ડી.એલ.આર મારફત જમીનની માપણી કરવા અરજી આપતાં મારા પુરોગામી એડી સિવીલ જજ સાહેબે અરજી મંજુર કરેલ હતી અને જેનો ડી.એલ.આર માપણીનો રીપોર્ટ આંક – ૩૩ થી રજુ છે તથા તેની સાથે માર્ક –૩૩/૨થી રોજ કામ તથા માર્ક – ૩૩/૩ થી દાવાવાળી જમીનો ડી.એલ.આર માપણી અંગેનો નકશો રજુ કરેલ છે. ત્યાર બાદ આ કામે વાદી તરફે આંક – ૩૮ વાળી દાવા અરજી અને મનાઈ હુકમની અરજીમાં દબાણનુ ક્ષેત્રફળ ૦–૩૮–૩૨ ને બદલે ૦–૩૬–૧૮ હે–આરે–ચો.મી સુધારો કરવા માટે અરજી આપતાં મારા પુરાગામી એડી સિવીલ જજ સાહેબનાઓએ મજુર કરેલ હતી.

(૪) ત્યાર બાદ, આ કામે વાદી તરફે આંક – ૪ ની દસ્તાવેજી યાદીથી માર્ક – ૪/૧ થી માર્ક –૪/૯ સુધીના દસ્તાવેજ તથા આંક – ૨૭ ની દસ્તાવેજી યાદી થી માર્ક – ૨૭/૧ થી ૨૭/૨ તથા આંક – ૪ ૬ ની દસ્તાવેજી યાદી માર્ક – ૪૬/૧ થીદસ્તાવેજો રજુ થયેલ છે. તથા આ કામે પ્રતિવાદી નં– ૧ તરફે માર્ક – ૧૨ /૧ થી માર્ક –૧૨/૫ સુધીના દસ્તાવેજી કાગળો રજુ કરેલ છે તથા પ્રતિવાદી નં – ૧ તરફે આંક – ૪૩ ની દસ્તાવેજી યાદી થી માર્ક ૪૩/૧ થી ૪૩/૩ સુધીના દસ્તાવેજી કાગળો રજુ થયેલ છે તે વંચાણે લીધા. તથા આ કામે ડી.એલ.આર કચેરીનો માર્ક – ૩૩/૩ થી રજુ થયેલ ડી.એલ.આરની માપણી શીટ ધ્યાને લીધેલ છે. તથા આ કામે વાદી તરફે તથા પ્રતિવાદીની મૈખીક દલીલો ધ્યાને લીધેલ છે.

(૫) હાલની કામચલાઉ મનાઈહુકમ માટેની અરજીના ન્યાયીક નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે ?
(૨) શું સગવડતા–અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે ?
(૩) શું માંગ્યા મુજબનો કામચલાઉ મનાઈહુકમ નહિ આપવામાં આવે તો વાદીને

નાણાંમાં પણ વળતર ન મળી શકે તેવું નુકશાન જાય તેમ છે ?

(૪) શું હુકમ ?

ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો તેના કારણો સહીત નીચે મુજબ ત્રછે.

(૧) મુદ્દા નં.૧ : હકારમાં.
(૨) મુદ્દા નં.૨ : હકારમાં.
(૩) મુદ્દા નં.૩ : હકારમાં.
(૪) મુદ્દા નં.૪ : આખરી હુકમ મુજબ

.

**:: નિર્ણય માટેના કારણો ::**

**મુદ્દા નં.૧ થી ૩ માટેના કારણો :–**

(૬) હાલના કામે મુદ્દા નં.૧ થી ૩ એકબીજા સાથે સંલગ્ન હોય, પુનરાવર્તન ન થાય તે માટે મુદ્દા નં.૧ થી ૩ ના કારણોની ચર્ચા એકસાથે કરવામાં આવે છે.

(૭) આ કામે દાવાની ટુંકી હકીકત એવી છે કે ,વાદીની મોજે આંબલીયારા તા.બાયડ સીમના ખાતા નં – ૨૪૬ (જુના ખાતા નં – ૧૪૬ ) ના સર્વે નં – ૧૨૪૪ ( જુનાો સર્વે નં – ૫૪૭ ) ની કુલ ૨–૭૭–૧૬ હે–આરે–ચો.મી વાળી વાદીની માલીકી કબજા ભોવટાની વડીલો પાર્જીત ખેતીની જમીન આવેલી છે અને આ જમીનમાં પ્રતિવાદીઓનો કોઈ પણ જાતનો હક અધિકાર નથી. વાદીની જમીન સર્વે નં – ૧૨૪૪ ( જુનાો સર્વે નં – ૫૪૭ ) ની કુલ ૨–૭૭–૧૬ હે–આરે–ચો.મી વાળી જમીનની દક્ષીણે આ કામના પ્રતિવાદીઓની માલીકીનો સર્વે નં– ૧૨૩૩ જમીન આવેલ છે. આ કામના પ્રતિવાદી નં – ૧ નાએ વાદીઓનો માલીકી કબજા વાળા સર્વે નં – ૧૨૪૪ ની દક્ષિણ ભાગે હે.આર. ચો.મી ૦–૩૨–૧૮ જમીનનુ ગેરકાયદેસર રીતે દબાણ કરેલ છે. આ જમીનમાં પ્રતિવાદીઓનો કોઈ પણ જાતનો હક ભાગ હિસ્સો નથી પરંતુ આ કામના પ્રતિવાદીઓની માલીકી કબજા ભોગવટાની સર્વે નં – ૧૨૩૩ (જુનો સર્વે નં– ૫૪૪) વાળી જમીન આવેલ છે અને આ જમીનને અડીને પ્રતિવાદી નં – ૧ નીજમીન આવેલી છે અને વાદીને અમદાવાદ મુકામે સને ૨૦૦૯ રહેવા જવાનુ થયેલ હોય તેનો ઘેરલાભ લઈ પ્રતિવાદી નં –૧ ના જમીનમાં દબાણ કરેલ છે. અને તા.૭/૨/૨૦૧૦ ના રોજ અરજી કરેલ અને ડી.ઈ.લે.રે. કચેરી હિંમત નગર કચેરીના સર્વેયરે માપણી કરતાં વાદીની સર્વે નં– ૧૨૪૪ (જુનો સર્વે નં– ૫૪૭) ખેતીની જમીન પૈકીની દક્ષિણ તરફની ૦–૩૨–૧૮ હે.આર.એ ચો.મી પ્રતિવાદી નં

–૧ ના દબાણ કરેલાનુ માલુમ પડેલ. વાદી પોતાની જમીન નજીવી કિંમતે વેચીદે તે માટે દબાણમાં લાવવા વાદીની જમીનમાં ગેરકાદેસર દબાણ કરેલ છે. અને આ બાબતે પ્રતિવાદી નં– ૧ જણાવતાં તેઓ પોતાની જમીનની માપણી કરાવી દબાણ દુર કરી દેશે તેમ જણાવવા છતાં આજ દિન સુધી તેમની જમીનની માપણી કરાવેલ નથી અન વાદીની જમીનમાંથી દબાણ દુર કરેલ નહી. સને – ૨૦૧૫ ના છઠા મહીનામાં દબાણ દુર કરવા માટે પ્રતિવાદી નં –૧ ને જણાવતાં તેઓ ઉશ્કેરાઈ જઈ દબાણ દુર કરવાની ના પાડી દીધેલ અને દબાણ ખુલ્લુ કરેશ નહી તેમ જણાવેલ. આથી વાદીએ તા.૨૪/૦૬/૨૦૧૫ ના રોજ મામલતદાર કચેરી બાયડ મુકામે અરજી કરેલી અને જે સંબધે દબાણ હોય તો સિવીલ કોર્ટમાં દાદ માગી શકો છો તેમ જણાવી અરજી દફતરે કરેલી. અને વાદીએ તેમની જમીનમાં ૦–૩૬–૧૮ હે.આર.ચો.મી ખેતીની જમીનનુ કરેલ દબાણ દુર કરવા માટે હાલનો દાવો કરેલ છે. અને પ્રતિવાદીનં –૧ નુ ગેરકાયદેસર કૃત્ય અટકાવવા અને કાયમી મનાઈ હુકમ અને ડેકલે રેશન માટે હાલનો દાવો કરેલાનુ જણાવે છે અને હાલની આંક – ૫ની અરજી મંજુર કરવા જણાવે છે.

(૮) આ કામે વાદીની મોજે આંબલીયારા તા.બાયડ સીમના ખાતા નં – ૨૪૬ (જુના ખાતા નં – ૧૪૬ ) ના સર્વે નં – ૧૨૪૪ ( જુનો સર્વે નં – ૫૪૭ ) ની કુલ ૨–૭૭–૧૬ હે–આરે–ચો.મી વાળી આવેલ છે તેના સમર્થન માં વાદીએ માર્ક – ૪/૫ અને ૪/૬ વાળા ૭ અને ૧૨ ના ઉતારા રજુ કરેલ છે તથા પ્રતિવાદીઓની માલીકીના સર્વે નં – ૧૨૩૩ (જુનો સર્વે નં– ૫૪૪) હે.આર.એ ચો.મી– ૨–૦૯–૫૫ આવેલ છે તેના સમર્થનમાં માર્ક – ૪/૯ વાદીએ ૭ અને ૧૨ નો ઉતારો રજુ કરેલ છે. આ કામે વાદીના કથન મુબજ તા. ૭/૨/૧૦ ના રોજ માપણી કરવતાં તેમના સર્વે નં – ૧૨૪૪ ના દક્ષિણ બાજુ પ્ર તિવાદીઓનુ નાએ હે.આર.એ ચો.મી.–૦–૩૮–૩૨ નુ દબાણ કરેલા નુ આવેલ હતુ ત્યાર બાદ આ કામે વાદી દ્રારા આંક – ૩૨ થી ડી.આઈ.એલ.આર ની માપણી કરેલી અને તેમાં પ્ર તિવાદીઓનુ દબાણ ૦–૩૬–૧૮ હે.આર.એ ચો.મી આવેલ અને ત્યાર બાદ વાદી તરફે દાવા અરજી સુધારો કરવા માટે અરજી આપતાં અત્રેની અદાલતે મંજુર કરેલ હતી. આમ આ કામે વાદીએ નીચે જણાવેલ ૦–૩૬–૧૮ હે.આર.એ ચો.મી જમનીના ખુંટુ વર્ણન વાળી જમીન નો દાવા વાળી જમની તરીકે ઉલ્લેખ કરેલ છે.

**પુર્વ :–** સર્વે નં – ૧૨૩૬ વાળી પટેલ પરષોતમભાઈ શામળભાઈની જમીન આવેલ છે.

**પ્રશ્ચીમે :–** સર્વે નં– ૧૨૪૬ વાળી ભીખાજી સોમાજી વિગેરેની જમીન આવેલ છે.

**ઉત્તરે :–** દબાણ વગરની વાદીની જમીન


**દક્ષિણ :–** સર્વે નં – ૧૨૩૩ ની પ્રતિવાદીઓની જમીન આવેલ છે.

આમ, ઉપરોકત જમીનને દાવાવાળી જમીન તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

(૯) આ કામે પ્રતિવાદીનં– ૧ તરફે મુખ્ય રજુ આત છે કે પ્રતિવાદીની સયુકત માલીકીની જુનો રે.સર્વે નં – ૫૪૪ (નવો રે.સર્વે નં – ૧૨૩૩) હે.આર.એ ૨–૪૯–૮૯ વાળી જમની આવેલ છે તે અંગેનો ૭ અને ૧૨ નો ઉતારો માર્ક –૧૨/૨ અને ૧૨/૩ તથા ૪૩/૧ તથા ૪૩/૨ રજુ થી રજુ થયેલ છે અને જણાવે છે કે વાદીના કહેવા મુજબનુ કોઈ દબાણ પ્રતિવાદી નં –૧ નાએ કરેલ નથી અને વાદી માત્ર પ્રતિવાદી નં– ૧ ઉપર આક્ષેપ કરેલ છે પ્રતિવાદી નં– ૨ ઉપર આક્ષેપ કરેલ નથી. જયારે વાદી તરફે રજુઆત છે કે આ કામે પ્ર તિવાદી નં –૧ ના અમારી જમીનમાં દબાણ કરેલ છે માટે તેમના ઉપર આક્ષેપ કરેલ છે.

(૧૦) વુધુમાં, વાદીની રજુઆત છે કે, વાદીની રે.સર્વે નં – ૧૨૪૪ ( જુનાો સર્વે નં – ૫૪૭ ) ની કુલ ૨–૭૭–૧૬ હે–આરે–ચો.મી વાળી જમીના દક્ષિણ બાજુ પ્રતિવાદીએ ૦–૩૬–૧૮ હે.આર.એ ચો.મી. દબાણ કરેલ છે. અને કોર્ટ કમીશ્નર તરીકે ડી.એલ.આર સર્વેયરને કાર્ટ દ્રારા નીમી માપણી કરાવતાં તેમાં ૦–૩૬–૧૮ હે.આર.એ ચો.મી. પ્રતિવાદીનુ દબાણ આવેલ છે અને વધુમાં રજુઆત કરે છે કે ,આ કામે વાદી અને પ્ર તિવાદીની જમીનના ૭ અને ૧૨ના ઉતારામાં દર્શાવેલ નકશા જોતાં પણ પ્ર તિવાદીએ દબાણ કરેલ છે તે પ્રથમ દર્શનીય દેખાય છે તેવી વાદી તરફે રજુઆત છે.

(૧૧) આ કામે વાદી દ્રારા ડી.એલ.આરની માપણી કરવામાં આવેલ હતી જેનો રીપોર્ટ આ કામે આંક – ૩૩ થી રજુ કરેલ છે જેની માપણી શીટ માર્ક ૩૩/૨ થી રોજકામ અને ૩૩/૩ થી રજુ થયેલ છે જે નીચે મુજબ છે.



આમ, વાદીના રે.સર્વે નં – ૧૨૭૪ ની માપણી શીટ રજુ થયેલ છે. આ માપણી જોતાં તેના વાદીના સર્વેના ૧૨૭૪ ના દક્ષિણ ભાગમાં વાદળી કલરથી ૦–૩૬–૧૮ હે.આર.ચો.મી.વાળી જમીનમાં પ્રતિવાદીશ્રીનો કબજો બતાવેલ છે આમ, સામાન્ય રીતે જોતાં દબાણ અંગેની તકરારો તથા જમીન સંબધે માપની સંબધી તકરારમાં ડી.એલ.આર માપણી થી માગણી અંગે નિર્ણય કરવામાં મદદ રૂપ થાય છે. હાથ ઉપરના કેસમાં જોઈતો વાદી તરફે રજુઆત છે કે પ્રતિવાદી નં–૧ તેમની દક્ષિણ તરફની જમીનમાં દબાણ કરેલ છે જયારે પ્રતિવાદી તરફે તેનો ઈન્કાર કરવામાં આવેલ છે. અને વાદી તરફે ડી.એલ.આર દ્રારા માપણી કરતાં પ્રથમી દર્શનીય રીતે આ કામે માર્ક – ૩૩/૩ ની માપણી સીટ જોતાં તેમની માપણી સીટમાં વાદીની જમીનના દક્ષિણ ભાગમાં હે.આરે. ચો.મી ૦–૩૬–૧૮ પ્રતિવાદીનો કબજો બતાવેલ છે આમ,આ સંબધે હાલના તબકકે પ્રથમ દર્શનીય આ હકીકત ન માનવાને કોઈ કારણ નથી.વધુમાં પ્રતિવાદી નં – ૧ તરફે કોઈ દબાણ કરેલ નથી તેવી પ્રથમ દર્શનીય આધાર રાખી શકાય તેવી કોઈ હકીકત લાવેલ નથી. આથી વાદીનો પ્રથમ દર્શનીય કેસ જણાય છે.

(૧૨) વધુમાં, આ કામે લેણ દેણની સમતુલા અને નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તે મુદ્રો જોઈતો, આ કામે વાદીએ જણાવેલ દાવાવાળી જમીનમાં પ્રતિવાદી કોઈ કાયમી ફેરફાર કરે કે કોઈ બાઘકામ, ખોદકામ કે કાંઈ કૃત્ય કરેતો વાદીના હક અધિકારને કાયમી નુકશાન થાય જયારે પ્રતિવાદી નં – ૧ ને કોઈ નુકશાન નથી.આ કામે પ્રતિવાદીને કોઈ નુકશાન નથી. આથી વાદી પ્રથમ દર્શનીય કેસ તથા સગવડતા અગવડતાની સમતુલા તથા નાણામાં ભરપાઈ ન થઈ શકે તે મુદ્રો વાદીની તરફેણામાં હોઈ આ કામે મુદા નં – ૧ થી ૩ મુદાનો હકારમાં જવાબ આપી ન્યાયના હિતમાં મુદા નં – ૪ અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

– આથી વાદની આંક– ૫ની હાલની અરજી "**મંજુર**" કરવામાં આવે છે.

– આથી મોજે આંબલીયારા તા.બાયડ સીમના ખાતા નં – ૨૪૬ (જુના ખાતા નં – ૧૪૬ ) ના સર્વે નં – ૧૨૭૪ ( જુનો સર્વે નં – ૫૪૭ ) ની કુલ ૨–૭૭–૧૬ હે–આરે–ચો.મી પૈકીની જમીનમાં પ્રતિવાદી નં – ૧ નાએ તેમના સર્વે નં – ૧૨૩૩ માં ભેળવવા કે **દાવાવાળી ખેતીની જમીનમાં** પ્રતિવાદી નં – ૧ નાઓ કે તેમના નોકરો, માણસો,

એજન્ટો, એસાઈનીઓ દાવાવાળી જમીનમાં કોઈ વધુ દબાણ કરે કરાવે નહી કે ખોદકામ બાંધકામ કરે કરાવે નહી કે **દાવાવાળી** ખેતીની જમીનના વાદીના કાયદેસરના હકકોને નુકશાન થાય તેવુ કોઈ કૃત્ય કરે કરાવે નહી કે કાયમી ફેરફાર કરે કરાવે નહી તેવો વાદીના લાભમાં અને પ્રતિવાદી નં– ૧ ના વિરુધ્ધ દાવો દરમ્યાનનો મનાઈ હુકમ આપવા માંગણી કરેલ છે.

– ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

આ હુકમ આજરોજ તા.૨૫ મી માહે ઓકટોમ્બર સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ. ૨૫–૧૦–૨૦૧૯
બાયડ

**(નરેશકુમાર રામજીભાઈ પટેલ)**
એડી સીવીલ જજ,બાયડ
જી.જે ૦૧૪૧૭